## વડીલોને વંદન અભિનંદન



પ્રતાપરાય જ. ત્રિવેદી
(૧૯૩૦)ફોન: ૨૩૨૨૬૬૨૦

## વેકેશનના માહોલ વચ્ચે આરટીઓમાં લાઈસન્સ કઢાવવા લોકોનો ઘસારો

અમદાવાદ, તા.૧૧
હાલ સમગ્ર રાજયમાં વેકેશનનો માહોલ જામ્યો છે. તેના પગલે અમદાવાદની આરટીઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાઈસન્સ કઢાવવા આવતા નાગરિકોની સંખ્યામાં ખૂબ વધારો જોવા મળી રહ્યો છે. આરટીઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાઈસન્સ મેળવવા નાગરિકોનો ઘસારો જોવા મળે છે. હાલ આરટીઓ કચેરીમાં રોજના પંદરસોથી બે હજાર જેટલા ડ્રાઈવીંગ લાઈસન્સ ઈસ્યુ થાય છે. નાગરિકો વેકેશનનો સદ્‌ઉપયોગ કરી ડ્રાઈવીંગ લાઈસન્સ કઢાવી રહ્યા છે. આ અંગે જાણકારી આપતા જેએમ ભટ્ટે (આરટીઓ, અમદાવાદ) જણાવ્યું હતું કે, વેકેશન પહેલા આરટીઓ કચેરીમાં રોજના સાતસો જેટલા લાઈસન્સ ઈસ્યુ થતા હતા. પરંતુ હાલ વેકેશનનો માહોલ હોવાથી લોકો સમયનો સદ્‌ઉપયોગ કરી આરટીઓ કચેરીમાં લાઈસન્સ કઢાવવા વધુ પ્રમાણમાં આવે છે. હાલ રોજના પંદરસોથી બે હજાર જેટલા નાગરિકો ડ્રાઈવીંગ લાઈસન્સ કઢાવે છે. તેમણે વધુમાં જાણકારી આપતા કહ્યું કે આરટીઓ કચેરીમાં આગામી મે મહિનાના અંત સુધીમાં ડ્રાઈવીંગ લાઈસન્સ કઢાવવા ઓનલાઈન સેન્સર બેઝ ટ્રેક સિસ્ટમ કાર્યરત થવાની છે. અને વેકેશનનો સમયગાળો મુખ્યત્વે જૂન માસ સુધી ચાલતો હોય છે. તેથી ડ્રાઈવીંગ લાઈસન્સ કાઢવની ઝડપ વધશે તેનાથી રોજના વધારે ડ્રાઈવીંગ લાઈસન્સ ઈસ્યુ થશે. નાગરિકો વેકેશનમાં નવરાશના સમયનો સદ્‌ઉપયોગ કરી આરટીઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાઈસન્સ કઢાવી રહ્યા છે.



ગાંધીનગર ડી.એસ.પી. કચેરી ખાતે મહિલા કંન્ડકટરોને સ્વબચાવ માટે તાલીમ આપવામાં આવી રહી છે તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

## ઝવેરી બજાર સવારથી મોડી રાત્રી સુધી ખુલ્લુ રહેશે

અમદાવાદ, તા. ૧૧
સોનામાં રોકાણ ભારતીય રોકાણકારોમાં પ્રચલીત છે. પુષ્ય નક્ષત્ર, ધનતેરસ, લાભપાંચમ આ ઉપરાંત સૌથી સારો દિવસ સોનાની ખરીદી માટે અક્ષય તૃતિંયા (અખાત્રીજ) ખુબ જ સારો દિવસ ગણાય છે અને આ દિવસે સોનાની ખરીદીમાં વિશેષ સુધારો થાય છે. મુડીની સલામતી ઉપરાંત અઢળક રીટર્નના આકર્ષણ ઉપરાંત લગ્નસરાના કારણે અક્ષય તૃતિંયાના કારણે થતી ફિઝિકલ સોનાની ખરીદી થઈ શકે છે. તેને માટે અમદાવાદ તથા બુલિયના બજારના ઝવેરીઓએ અક્ષય તૃતિંયાના દિવસે એટલે કે સોમવારે બજાર સવારથી મોડી રાત સુધી ખુલ્લા રાખવાનો નિર્ણય કર્યો છે.

અક્ષય તૃતિંયાનો લાભ ઉઠાવવાને માટે જ્વેલર્સ અને સોનાના સિક્કા વેચનારી કંપનીઓ કેટલીક આકર્ષક ઓફર લઈને આવી છે. જે ૧૦મી મેના દિવસથી શરૂ કરી છે. ભારતીય પોસ્ટ વિભાગ સોનાના સિક્કા ઉપર ખાસ ડિસ્કાઉન્ટ આપી રહી છે. અને એવુ માનવમાં આવે છે કે આ દિવસે સોનું સસ્તુ મળશે.

### ચકચારી સાબરમતી જેલ સુરંગકાંડમાં

## જેલ સુપ્રી. પારઘી સહિત નવ સામે ક્રાઈમબ્રાંચમાં ફરિયાદ

અમદાવાદ,તા.૧૧
ગુજરાત સહિત સમગ્ર દેશને હચમચાવી દેનાર સાબરમતી જેલ સુરંગકાંડમાં શહેર ક્રાઈમબ્રાંચે જેલ સુપ્રી.પારઘી સહિત નવ લોકોની વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. ક્રાઈમબ્રાંચ દ્વારા ફરિયાદ નોંધાતા સમગ્ર પોલીસ બેડામાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. ક્રાઈમબ્રાંચ તમામ આરોપીઓ સામે પુરાવા એકત્રિત કરી તેઓની પૂછપરછ કરી ધરપકડનો દોર શરૂ કરશે. સાબરમતી જેલમાં કેદ અમદાવાદ બ્લાસ્ટના તેમજ ઈન્ડિયન મુજાહિદીનનાં કેટલાંક ખૂંખાર આતંકવાદીઓ દ્વારા સાબરમતી જેલમાંથી ભાગવા માટે સુરંગ ખોદવામાં આવી હતી જેની જાણ જેલ તંત્રને થતાં જેલથી માંડી સમગ્ર દેશમાં ચકચાર મચી ગઈ હતી. જોકે આ અંગે રાણીપ પોલીસે ગુનો નોંધ્યો હતો પરંતુ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ શહેર ક્રાઈમબ્રાંચને સોંપવામાં આવી હતી. શહેર ક્રાઈમબ્રાંચે તપાસનો દોર શરૂ કરતાં સુરંગ ખોદનારા આરોપીઓની પૂછપરછ હાથ ધરી હતી. બીજીબાજુ આટલી મોટી સુરંગ ખોદાઈ ગઈ ત્યાં સુધી જેલ તંત્રને કેમ જાણ ના થઈ તેમજ જેલ સત્તાધીશોની ભૂમિકા અંગે પણ ક્રાઈમબ્રાંચે તપાસ હાથ ધરી હતી.

દરમિયાનમાં જેલ સુપ્રી. આર.જે.પારઘી, વણકર તથા પરમારે ગંભીર બેદરકારી દાખવી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું તેમજ તેઓએ સુરંગને એક મોટા પથ્થરથી બંધ કરી તેમજ ઉચ્ચ અધિકારીઓને મોડેથી જાણ કરી હોવાની બાબતો તપાસમાં જણાઈ આવી હતી. દરમિયાનમાં ગઈકાલ રાત્રે શહેરક્રાઈમ બ્રાંચે જેલ સુપ્રી. આર.જે.પારઘી, વણકર, પરમાર તથા સાબરમતી જેલમાં હત્યાના ગુનામાં સજા ભોગવી રહેલાં આરોપી ઘનશ્યામસિંહ વાઘેલા તેમજ અન્ય પાંચ વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી. બીજીબાજુ પોલીસબેડામાં પારઘી સહિતના અધિકારીઓની વહેલીતકે ધરપકડ થાય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે શહેરક્રાઈમ બ્રાંચ તમામ આરોપીઓ સામે પહેલાં પુરાવા એકત્રિત કરશે અને ત્યારબાદ જ પૂછપરછ કરી ધરપકડનો દોર શરૂ કરશે.

## ચિલોડાના ગેસ્ટ હાઉસમાં એસ.ઓ.જી.ની ટીમ ત્રાટકી

### ગેસ્ટહાઉસનું લાયસન્સ લઈને થર્ડ પાર્ટીને ભાડે આપી દેવાયું હતું

ગાંધીનગર, તા. ૧૧
ગાંધીનગર નજીક આવેલા ચિલોડા વિસ્તારમાં સ્થિત ધ સેન્ડલ વુડ ગેસ્ટ હાઉસમાં ગાંધીનગર એસઓજીની ટીમે દરોડો પાડ્યો હતો. ચેકીંગ કરતા રજીસ્ટર નિભાવવામાં આવતું ન હોવા ઉપરાંત ગેસ્ટ હાઉસનું લાયસન્સ લેનાર માલીકે તેનું ગેસ્ટહાઉસ થર્ડપાર્ટીને ભાડે આપી દીધુ હોવાનું બહાર આવતા ગેસ્ટહાઉસ માલીક અને ભાડે લેનાર બન્ને શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. બી.એલ. ચાવડાની સુચનાથી જમાદાર ગૌતમભાઈ, જયંતિભાઈ, ભુપેન્દ્રસિંહ અને દિલીપભાઈ સહીતની એસઓજીની ટીમે રજીસ્ટર નિભાવણી ન કરતાં ગેસ્ટહાઉસના ચેકીંગ શરૂ કર્યા હતા. દરમ્યાન ચિલોડા ખાતે સ્થિત ધ સેન્ડલ વુડ ગેસ્ટ હાઉસમાં તપાસ કરતાં રજીસ્ટર મેઈન્ટેઈન ન કરવામાં આવતું હોવાનું ધ્યાને આવ્યું હતું. તે ઉપરાંત આ ગેસ્ટ હાઉસનો મુળ માલિક નડીયાદ ખાતે રહેતા દુર્ગેશ પ્રહલાદભાઈ શાહ છે જેમના નામે ગેસ્ટહાઉસનું લાયસન્સ છે તે વ્યક્તિએ થર્ડ પાર્ટીને એટલે કે જેઠીપુરા વિસ્તારમાં -રહેતા ધનજીભાઈ ખેમજીભાઈ પટેલને ભાડે ચલાવવા આપી દીધુ હોવાનું પણ બહાર આવતા એસઓજીની ટીમે ગેસ્ટહાઉસ ભાડે રાખનાર ધનજીભાઈ અને ભાડે આપનાર દુર્ગેશ શાહ બન્ને વિરૂદ્ધ ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મણિનગરમાં ચોરીના બે બનાવ : લોકોમાં ફફડાટ

અમદાવાદ,તા.૧૧
સમગ્ર શહેરમાં તસ્કરોએ ભારે આતંક મચાવ્યો છે. સેટેલાઈટમાં થયેલી લૂંટની ઘટનાને હજુ ૨૪ કલાક પણ થયા નથી કે શહેરમાં અન્ય બે જગ્યાએ ઘરફોડ ચોરીનાં બનાવ બન્યાં છે. આ ઘરફોડ ચોરીઓથી શહેરીજનોની ઉંઘ હરામ થઈ ગઈ છે. શહેરના મણિનગર વિસ્તારમાં આવેલ બે મકાનનાં તાળાં તોડી તસ્કરો ૫૫૦૦૦નાં મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતાં. મણિનગર પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## કૃષિ મહોત્સવ ૧૪મીથી શરૂ થતાં તમામ મંત્રીઓ જિલ્લામાં પ્રવાસે જશે

ગાંધીનગર, તા.૧૧
કૃષિ મહોત્સવ અને પેટા ચૂંટણીઓમાં ચૂંટણી પ્રચાર અર્થે મંત્રીઓ જનાર હોઈ આગામી સપ્તાહથી ફરી સચિવાલય મંત્રીઓ વિહોણું બનશે.

આગામી મંગળવારે ૧૪મી મેથી રાજયમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થનારો છે ત્યારે રાજયમંત્રી મંડળના મંત્રીઓને પણ તાલુકાઓની જવાબદારીઓ સોંપવામાં આવી હોઈ મંત્રીઓ સોમવારે બપોર પછી જિલ્લાના પ્રવાસે નીકળી જશે અને મંગળવારને ૧૪મીના રોજ તાલુકા મથકોએ કૃષિ રથને પ્રસ્થાન કરાવશે. ૧૪મીએ રાજયના ૨૨૫ તાલુકાઓમાં એક સાથે કૃષિ રથોનું પ્રસ્થાન કરાવવામાં આવનાર છે.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી રાધનપુર ખાતેથી કૃષિ રથને પ્રસ્થાન કરાવે તે પૂર્વે એક જંગી ખેડૂત સંમેલનને પણ તેઓ સંબોધન કરીને ખેડૂતોને કૃષિ મહોત્સવ અંગે માહીતગાર કરનાર હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત પેટા ચૂંટણીઓ માટે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૫મી હોઈ ૧૫મી બાદ મંત્રીઓને પેટા ચૂંટણીઓ માટે પાંચ જિલ્લામાં ચૂંટણી પ્રચાર અર્થે જવા માટે પણ જવાબદારી સોંપવામાં આવી છે. આમ આગામી સપ્તાહમાં મંત્રીઓ કૃષિ રથ અને ચૂંટણી પ્રચારની કામગીરીમાં વ્યસ્ત રહેનાર હોઈ આખું અઠવાડીયું સચિવાલય મંત્રીઓ વિહોણું બનશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪મી મે થી રાજયમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થનારો હોઈ આ માટેની તમામ તૈયારીઓ કૃષિ વિભાગ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજયના તમામ તાલુકા મથકોએથી કૃષિ રથ કાઢવામાં આવનાર હોઈ ૨૨૫ કૃષિ રથો તૈયાર કરી દેવામાં આવ્યા છે.


કૃષિ મહોત્સવ દરમિયાન કૃષિ વિભાગ બાગાયત વિભાગ અને પશુપાલન વિભાગ દ્વારા બીપીએલ ખેડુત લાભાર્થીઓને કૃષિ કીટોનું વિતરણ કરવામાં આવનાર છે. કૃષિ મહોત્સવની કામગીરી માટે અધિકારીઓને પણ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

## ગીરના સિંહોનું મધ્યપ્રદેશમાં સ્થળાંતર ન કરવા બાબતે સૌરાષ્ટ્ર કચ્છ સમાજનું કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૧૧
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર અને સમાજના અગ્રણીઓ દ્વારા ગીરના સિંહોનું મધ્ય પ્રદેશમાં સ્થળાંતર કરવાની કાર્યવાહી કાયમ માટે બંધ કરવા બાબતે વડાપ્રધાનને સંબોધીને કલેકટરને આવેદનપત્ર સુપરત કરાયું હતું.

ગુજરાતના ગીર અભ્યારણમાંથી સિંહોનું મધ્યપ્રદેશમાં સ્થળાંતર કરવા માટેનું વડાપ્રધાનને સંબોધીને તૈયાર કરેલું આવેદનપત્ર તાજેતરમાં સંસ્થાના અશોકભાઈ પરમાર, પ્રદિપભાઈ ગગલાણી, જી.વી. પટેલ, અનિલ હિંગુ, ભૂપેન્દ્ર ગજ્જર, દિપક તન્ના, કૌશિક ભટ્ટ, કિરપાલ રાણા, અનિલ જોશી, જયંતિ વગાસીયા, હરેશ માલા, નારણ આહિર, લાલજી હેરમા અને જીલુભાની આગેવાની હેઠળ કલેકટરને અપાયું હતું. ગુજરાતના ગીર અભઈયારણમાં કુદરતી વાતાવરણ સિંહોને અનુકૂળ છે. મધ્યપ્રદેશનું વાતાવરણ સિંહોને અનુકૂળ નથી. ગુજરાતની સ્થાપના થઈ ત્યારે સિંહોની સંખ્યા જે હતી તેનાથી વધીને હાલ ૪૭૭થી વધારે સંખ્યા થઈ છે. જે પરથી કહી શકાય કે ગીર અભ્યારણ સિંહો માટે યોગ્ય છે. મધ્યપ્રદેશમાં વાઘની વસતિ રહેલી છે. સિંહ અને વાઘ બે સમાન શક્તિશાળી પ્રાણી છે. એક સાથે એક જંગલમાં રહી શકે નહી. ગીરની આજુબાજુમાં વસતા પ્રજાજનો અને ગુજરાતની જનતા ગીર સિંહ સાથે જે આત્મીયતા અને લાગણી કેળવાઈ છે તેથી લોકો સ્થળાંતર કરવા દેશે નહી એમ આવેદનપત્ર દ્વારા આગેવાનોએ વડાપ્રધાનશ્રીને લેખિતમાં રજૂ કર્યું હતું.

## શબ્દાવલી - ૫૦૬૨



**આડી ચાવી**

૧. ... થવી, મળવું તે (૪)
૪. બોલવામાં કડવાશ, ... હોવી (૩)
૬. મૃત્ય, મોત (૨)
૭. બારની સંખ્યા, બારનો જથ્થો એટલે એક... (૩)
૯. લાફો, લપાટ (૪)
૧૦. આજકાલ બસો પણ ... અને એક્સપ્રેસ થઈ ગઈ છે (૩)
૧૨. રેલ્વે, ગાડી (૨)
૧૩. સાદડી, ચટઈ (૩)
૧૪. ચોળાની દાળની એક વાનગી (૨)
૧૫. વાળ, કેશ (૨)
૧૬. સંમિલિત, ... કરવું (૩)
૧૭. જે મરડવાથી વહાણ દિશા બદલે તે (૩)
૨૦. મારવું, ચોડવું (૫)
૨૧. ભય, બીક (૨)

**ઊભી ચાવી**

૧. હોડ, હરિફાઈ (૪)
૨. મોંમાંથી ટપકી પડતું પાણી (૨)
૩. જુરાપો, જુરવું (૩)
૪. સોનું, હેમ (૩)
૫. મેલજોલ... હોવો (૪)
૮. જડતર કરેલું (૩)
૯. ખુબસુરત સ્ત્રી (૩)
૧૧. મુસ્લિમ ધર્મમાં મૃતવ્યક્તિની... બનાવે (૩)
૧૨. તૈયાર બનાવેલું (૫)
૧૪. 'સાવ' શબ્દ ઊંધો (૨)
૧૫. ... કરૂં કયાં ઉસકી જીસને તુમ્હે બનાયા, વખાણ (૩)
૧૭. સૂકાઈ ગયેલા (૩)
૧૮. મોટર, ટેક્સી (૨)
૧૯. જૂનું નહિ તેવું (૨)

### શબ્દાવલી ૫૦૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) જમાલઘોટા (૩) કુશ (૫) કાજી (૬) પ્રસંગ (૭) પરાગ (૧૦) નાદાનીયત (૧૩) કુલર (૧૪) લંકેશ (૧૬) અંગીકાર (૧૭) માટીપગુ (૧૯) મજા (૨૧) ગરકાવ

**ઊભી ચાવી :-** (૧) જકાતનાકુ (૨) માજી (૩) કુસંગ (૪) રાગ (૭) પનીર (૮) રાય (૯) ગત (૧૧) દાલબાટી (૧૨) ફાંશ (૧૪) લંકા (૧૫) કેરમ (૧૬) અંગુર (૧૭) માખ (૧૮) પગ (૨૦) જાળ

## સરદાર નગર પોલીસ કસ્ટડી મામલો : ૯ કર્મચારીઓ ફરાર

અમદાવાદ,તા.૧૧
શહેરના સરદારનગર પોલીસ સ્ટેશનમાં થયેલા આરોપીનાં મોત મામલે પરિવારજનોએ આજે ફરી કુબેરનગર ચોકી ખાતે અવોલી સર્વેલન્સ સ્કવોડની ઓફિસમાં તોડફોડ કરી હતી. પરિવારજનો આરોપીના મોતની ન્યાયિક તપાસની માંગ કરી રહ્યા છે. આજે મૃતકની પત્નીએ સરદારનગર પોલીસ સ્ટેશનથી થોડે દૂર આવેલી સર્વેલન્સ સ્કવોડની ઓફિસમાં જઈ હંગામો કર્યો હતો તેમજ તોડફોડ કરી હતી. આ કેસની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવતાં ક્રાઈમ બ્રાંચે તપાસ શરૂ કરી છે. તેમજ ૯ પોલીસકર્મીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો છે. હાલ તમામ ૯ પોલીસકર્મીઓ ફરાર થઈ ગયા છે.

સરદારનગર પોલીસ સ્ટેશનમાં શુક્રવારે પરિવારજનોએ હંગામો મચાવી સિનિયર પીઆઈ વી.આર. સરવૈયાની ઓફિસમાં તોડફોડ કરી હતી અને ત્યારબાદ શનિવારે ફરી કુબેરનગર ચોકી ખાતે આવેલ સર્વેલન્સ સ્કવોડની ઓફિસમાં જઈ તોડફોડ કરી હતી. આ અંગે પોલીસે ટોળા વિરુદ્ધ રાયોટિંગનો પણ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે કસ્ટડીમાં મોત મામલે પી.એમ રિપોર્ટ આવતાં બહારના ભાગમાં ઈજાઓના નિશાન મળી આવતા ક્રાઈમ બ્રાંચને તપાસ સોંપવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચ એસી.પી. મયુર ચાવડાએ તપાસ શરૂ કરતા સરદારનગર પોલીસ સ્ટેશનમાં જઈ પૂછપરછ કરી હતી તેમજ આરોપીને અહી લાવવામાં આવ્યો હતો. કે કેમ તેવા તમામ પુરાવાઓ એકત્રીત કરવાનું શરૂ કર્યું છે. તપાસનો ધમધમાટ શરૂ થતાં જ તમામ ૯ પોલીસ કર્મીઓ ફરાર થઈ ગયા હતા. ક્રાઈમ બ્રાંચે આરોપીનું મોત કયારે, કયાં સંજોગોમાં થયું તેમજ તેને ક્યાં ક્યાં લઈ જવામાં આવયો હતો. વગેરેના પુરાવા એકત્રીત કરવામાં આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચે હાલ આ અંગે વધુ તપાસ હથા ધરી છે.

## મેઘાણીનગરમાં સાસુ-સસરાની ઈચ્છામૃત્યુની માંગ બાદ પુત્રવધુનો આપઘાત

અમદાવાદ,તા.૧૧
મેઘાણીનગર વિસ્તારમાં રહેતા એક વૃદ્ધ દંપતીએ પોતાના પુત્ર અને પુત્રવધુના ત્રાસથી ઈચ્છા મૃત્યુ માટે જિલ્લા કલેકટર પાસે માંગણી કરી હતી. જેના પગલે ગઈકાલે તેમની પુત્રવધુએ ઝેર પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પુત્રવધુને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પુત્ર અને પુત્રવધુના ત્રાસથી કંટાળી વૃદ્ધ દંપતીએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ કરી હતી પરંતુ પોલીસે પણ તેમને ન સાંભળતાં તેમણે છેવટે ઈચ્છા મૃત્યુની માંગ કરી હતી.

શહેરના મેઘાણીનગર હાઉસીંગ બોર્ડમાં રહેતા ભાઉદાસ ગીરધારી બુલ્ડે અને તેમની પત્ની લીલાબેન બુલ્ડેએ ડેપ્યુટી કલેકટર દુધાતને શુક્રવારે ઈચ્છામત્યૃનું આવેદનપત્ર આપ્યું હતું તેમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાય સમયથી તેમનો પુત્ર મનીષ અને તેની પત્ની તેમને અને તેમની પત્નીને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપે છે. તેમજ ઘરમાંથી કાઢી મૂકે છે. વૃદ્ધ દંપતીએ આ અંગે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં પણ ફરીયાદ કરી હતી પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. વૃદ્ધ દંપતીએ જિલ્લા મેજીસ્ટ્રેટ કોર્ટમાં પણ ઘણી વખત આ અંગે અરજીઓ કરેલી પરંતુ કોઈપણ કાર્યવાહી ન થતાં છેવટે તેમણે ઈચ્છા મૃત્યુની માંગ કરી હતી. આ ઈચ્છામૃત્યુની અરજીને પગલે તેમની પૂત્રવધુએ ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ઝેર પીતાં જ તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

## રાણીપ પોલીસ સ્ટેશનનાં ૧૨ કર્મીઓને એકસાથે રજા આપી

અમદાવાદ,તા.૧૧
રાણીપ પોલીસ મથકના પોલીસકર્મીઓ માટે પોલીસની રજા પોલીસ માટે સજા બની ગઈ છે. રાણીપ પોલીસ મથકમાં એકસાથે દસથી બાર જેટલાં પોલીસ કર્મીઓને રજા આપી દેવાતા ફરજ પર હાજર અન્ય પોલીસ કર્મચારીઓની હાલત કફોડી બનેલી છે. ઉચ્ચ અધિકારીઓ દ્વારા એકસાથે રાણીપ પોલીસ મથકના બાર જેટલાં કર્મીઓની રજા મંજુર કરતાં રાણીપ વિસ્તારની સુરક્ષા સામે ખતરો ઉભો થયો છે જ્યારે અન્ય પોલીસ કર્મીઓને ૨૪ કલાકની શિફ્ટમાં કામ કરવાનો વારો આવ્યો છે.

રાજ્ય પોલીસખાતામાં પોલીસ કર્મીઓની મોટી અછત અને તેના ઉપર ઉચ્ચ અધિકારીઓ દ્વારા એકજ પોલીસ મથકમાં એકસાથે દસથી બાર પોલીસ જવાનોને રજા અપાતાં સ્થાનિક રહીશો તેમજ અન્ય પોલીસ કર્મીઓ માટે આ ચર્ચાનો વિષય બન્યો છે. શહેરભરમાં વધી રહેલી ગુનાઈત પ્રવૃત્તિ સામે પ્રજાને રક્ષણ આપવાને બદલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આટલી મોટી સંખ્યામાં કર્મીઓને રજાઓ આપવી એ કેટલું યોગ્ય છે.

## ઘાટલોડીયામાં પરિવાર વેકેશન મનાવવા ગયો અને તસ્કરો ત્રાટક્યાં

અમદાવાદ,તા.૧૧
શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતો પરિવાર વેકેશન માણવા ગામડે ગયો હતો ને તસ્કરો ઘર સાફ કરી ગયાં. દિવસે-દિવસે વધી રહેલી ઘરફોડ ચોરીની ઘટનાઓએ શહેરીજનો સહિત પોલીસની ઉંઘ હરામ કરી દીધી છે. તસ્કરો એટલી હદે બેફામ બન્યાં છે કે હવે તેમને પોલીસનો કોઈપણ પ્રકારનો ડર રહ્યો નથી. ઘરફોડ, વાહનચોરી, લૂંટ જેવી ગંભીર ઘટનાઓમાં થઈ રહેલાં ઉલ્લેખનીય વધારા છતાંય શહેર પોલીસ બધું સલામત હોવાનું આલાપી રહી છે. ઘટનાની મળતી માહિતી મુજબ ઘાટલોડિયા ખાતે આવેલાં આનંદબાગ એપાર્ટમેન્ટના મકાન નંબર ૧૩/૩૦૫માં પારૂલબેન રણછોડભાઈ પટેલ (ઉ.વ.૪૫) પરિવાર સાથે રહે છે. પારૂલબેન તથા તેમનો પરિવાર રજાઓ હોવાથી વિજાપુર પોતાના વતન વેકેશન માણવા ગયા હતાં. દરમિયાનમાં ૧૦ મેના રોજ બપોરે એક વાગ્યા પછી કોઈ અજાણી વ્યક્તિએ તેમના ઘરનાં મુખ્ય દ્વારનો નકુચો તોડી પ્રવેશ કરી તિજોરીમાં રહેલાં સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ મળી કુલ ૧.૩૬ લાખનાં મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટ્યો હતો. પારૂલબેન મોડી સાંજે ઘરે પરત ફર્યા ત્યારે તેમણે ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો જોયો તેમજ તેનો નકુચો તૂટેલો હતો. પારૂલબેને ઘરમાં જઈ તપાસ કરતાં ઘરનો સામાન વેરવિખેર હતો જ્યારે તિજોરી ખુલ્લી હતી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. પારૂલબેને આ અંગે ઘાટલોડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ઘાટલોડિયા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સોલાર સંકુલ બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સોલાર વીજ ઉત્પાદન માટે અન્ય કચેરીઓના ધાબા પર પણ કામ ચાલી રહ્યા છે.

એઝયોર પાવર કંપનીના અધિકારીઓનું કહેવું છએ કે તેઓ તેમના પ્રોજેક્ટની કામગીરી ઝડપથી પૂરી કરી દેશે. ખાનગી મકાનોની છત માટે પણ કંપનીએ કરારો કર્યા છએ અને તે કામગીરી જૂન માસના બીજા પખવાડિયાથી શરૂ કરી દેશે.

ગાંધીનગરમાં ૨.૫ મે.વો. માટે કામ કરી રહેલ સન એડીશન નામની કંપનીએ પણ તેની કામગીરીમાં ગતિ લાવી દીધી છે. અને તેણે પણ ૨૬૦ કિલોવોટ વીજ ઉત્પાદન માટેની પેનલો જુદી જુદી કચેરીઓની છત પર લગાવવાની કામગીરી હાથ ધરી છે.

ડિસે. ૨૦૧૩ સુધીમાં આ બન્ને કંપનીઓ દ્વારા ૪ મે.વો. વીજ ઉત્પાદનનો લક્ષ્યાંક પ્રાપ્ત થઈ જશએ તેવો વિશ્વાસ ઊર્જા વિભાગના સૂત્રો કરી રહ્યા છે.

આ સાથે હાલ ગાંધીનગરમાં બે મે.વો. વીજળીનું ઉત્પાદન સોલાર પાવર પ્રોજેક્ટ દ્વારા થઈ રહ્યું છે. ૧૩૦૦ કિલોવોટનું ઉત્પાદન જીવરાજ મહેતા ભવનમાં થશે. આ ઉપરાંત લોકાયુક્ત, હાયર સેકન્ડરી સ્કૂલ સે. ૨૦, કોમર્સ કોલેજ સે. ૧૫ અને આર્ટસ કોલેજ સે. ૧૫માં મળી ૨૫૦ કિલોવોટનું ઉત્પાદન પણ ટૂંકમાં જ ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત જિલ્લા પંચાયત, એમ.એસ. બિલ્ડીંગ, ઉદ્યોગભવન અને સરદાર પટેલ વહીવટીય સંકુલમાં પણ સોલાર ઊર્જાનું ઉત્પાદન રૂફ ટોપ આધારિત થઈ રહ્યું છે.

ટચૂકડી જાહેર ખબર

**ભાડે આપવાનું છે**
૩૩ રૂમ ધરાવતી હોસ્ટેલ અને ફિક્સ ફર્નીચર સાથે ફ્લેટ (પાંચ રૂમ) ભાડે આપવાના છે.
સંપર્ક :
મો. ૯૪૨૬૮ ૭૨૮૯૧

૧૦૦% આયુર્વેદિક કાન્તી પ્રોડક્ટ નેચરલ (વેજીટેરીયન) સાબુ, શેમ્પુ વિથ કંડીશનર સાથે તેમજ આમળા તેલ (સ્પે. ઓફર : ૬ સાબુએ - ૧ ફ્રી)
**જય સેલ્સ એજન્સી**
૪૦૬, ડબલ ડેકર, સ.પ્રા. શાળા ૨૪/૧, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૯૨૪૬ ૨૬૮૫૦

**વેચવાનો છે ફ્લેટ**
ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ ૨મ્ઉઁદ્ધ
સે. ૨૩, લગ્નવાડી સામે,
સંપર્ક
મો. : ૯૪૨૮૫ ૯૫૯૫૬